કેનાલ પાસેથી લોહીના ડાઘવાળુ જેકેટ અને બેગ મળતાં ચકચાર

બેગમાંથી અમદાવાદના યુવાનના આઈ-કાર્ડ અને ત્રણ ચેક પણ મળી આવ્યા : અનેક શંકાઓ વચ્ચે રહસ્ય ઘેરું બન્યું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ હાઈવે પર કોબા સર્કલ નજીકથી પસાર થતી સુઘડ નર્મદા કેનાલની બાજુમાંથી અમદાવાદના મણીનગર વિસ્તારના એક યુવકની કોલેજ બેગ તથા લોહીના ડાઘવાળુ એક જેકેટ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. કોલેજ બેગમાંથી યુવકનું કોલેજનું આઈકાર્ડ અને લાયસન્સ ઉપરાંત ત્રણ અલગ-અલગ રકમના ચેક પણ મળી આવ્યા હતા. ગાંધીનગર ફાયરની ટીમે કેનાલના પાણીમાં કરેલી શોધખોળ બાદ પણ યુવકનો પત્તો મળી આવ્યો નથી. બેગમાંથી મળેલા આઈકાર્ડ પરથી મોબાઈલ નંબર લઈને મેલ કરતાં પરિવારજનો પણ સુઘડ કેનાલ આવી પહોંચ્યા હતાં અને શનિવારથી લાપત્તા હોવાનું જણાવ્યું હતું. હજુ સુધી તે યુવકનો કોઈ પત્તો ન મળતાં અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.



(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલ પર ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડને ગઈકાલે એક કોલેજ બેગ મળી આવી હતી. જેની તપાસણી કરતાં તેમાંથી મણીનગરના એક યુવાન વિશાલ કે ભટ્ટના નામનુ એસ.વાય.બી.કોમ.નું આઈ-કાર્ડ અને તેનું જ લાયસન્સ મળી આવ્યું હતું. તે ઉપરાંત બેગમાં થોડાક ચોપડા અને રકમ લખેલા ત્રણ ચેક પણ મળી આવ્યા હતા. પરંતુ યુવાનનો કોઈ પત્તો મળ્યો ન હતો. દરમ્યાન કેનાલ પાસેના એક ફેન્સીંગના તાર પર નજર પડતાં તેની પર લટકેલુ એક જેકેટ મળી આવ્યું હતું. જેમાં લોહીના ડાઘા મળી આવતા અનેક શંકા-કુશંકાઓ પ્રવર્તી છે. જે સ્થળેથી બેગ મળી આવી હતી ત્યાં એક ગાડીના ટાયરના નિશાન પણ નજરે ચઢ્યા હતા. આઈ-કાર્ટ પરના નંબર પર કોલ કરતાં તે યુવાનના પરિવારના સભ્યો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને શનિવારથી તેમનો દિકરો ગુમ હોવાનું કહીને ફ્રુસકે ને ફ્રુસકે રડવા લાગ્યા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડે આજે શોધખોળ કરી હતી પરંતુ કેનાલના પાણીમાંથી તેના સગડ મળ્યા ન હતા. ઉલ્લેખનીય છે કે પોલીસને આ સંદર્ભે જાણ કરવામાં આવી હતી પરંતુ સામાન સાચવીને મુકી દેવા અને ડેડ બોડી બહાર આવે તો જાણ કરવાની કેનાલ સિક્યુરીટી ગાર્ડને સુચના આપી અડાલજ પોલીસ ચાલી ગઈ હતી.

૨૦૧૨માં માર્ગ અકસ્માતમાં ૨૦૮ વ્યક્તિઓ મોતને ભેટ્યા

સમાંતર વર્ષની સરખામણીમાં એકંદરે ૨૦૧૨માં માર્ગ અકસ્માતોના બનાવો ઘટ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ કરતાં વર્ષ ૨૦૧૨માં માર્ગ અકસ્માતના બનાવોમાં ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ-૨૦૧૧માં ૧૧૨૨ માર્ગ અકસ્માત પોલીસ ચોપડે નોંધાયા હતા. તો વર્ષ ૨૦૧૨માં ૯૭૫ માર્ગ અકસ્માત નોંધાતા માર્ગ અકસ્માતમાં ગાંધીનગર જિલ્લામાં ઘટાડો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૨માં માર્ગ અકસ્માતમાં ૨૦૮ વ્યક્તિઓ મોતને ભેટ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષ કરતા વાહનોની સંખ્યા વધુ હોવા છતા માર્ગ સલામતીના કારણે અકસ્માતોનો ગ્રાફ ચાલુ વર્ષે નીચે જોવા પામ્યો છે. ગત વર્ષ ૨૦૧૧માં માર્ગ અકસ્માતની સંખ્યા ૧૧૨૨ પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં ૧૯૧ ગંભીર માર્ગ અકસ્માત અને બીજા નાના-મોટા અકસ્માત થવા પામ્યા હતા. માર્ગ અકસ્માતમાં કુલ ૨૬૦ વ્યક્તિ વર્ષ ૨૦૧૧માં ગંભીર અકસ્માતને કારણે મોતને ભેટી હતી. જ્યારે સમાંતર વર્ષની સરખામણીમાં વર્ષ ૨૦૧૨ ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં કુલ ૯૭૫ કેસ માર્ગ અકસ્માતના નોંધાયા છે. ગંભીર અકસ્માતમાં ૨૦૮ વ્યક્તિના મોત નિપજ્યા હતા. જેમાં ગાંધીનગર શહેરમાં ૨૬૩ માર્ગ અકસ્માતના કેસ નોંધાવા પામ્યા છે અને તેમાં ૫૦ કેસ જીવલેણ ઈજાના અને ૨૫ મૃત્યુ ગાંધીનગર શહેરમાં નોંધાવા પામ્યા છે.

સેકટર-૨૩ની બહેનો દ્વારા શ્વાનો માટે ૫૧ કિલોના લાડુ બનાવાયા

ગાંધીનગર શહેરની બી-૧ ટાઇપ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે ચાલતા શ્રીકૃષ્ણ મંડળની બહેનો દ્વારા ભકતોએ દર વર્ષની જેમ આ વખતે પણ શિયાળામાં અસઝ્ઝા ઠંડીમાં ધ્રૂજતા શ્વાનો માટે ૫૧ કિલોના લાડુ બનાવ્યા હતા.

માણસા કલીપીંગ કાંડના ત્રણ આરોપીઓ બે દિવસના રીમાન્ડ પર

માણસા, તા. ૭

માણસા પંથકમાં બહુચર્ચિત એવી અશ્લીલ વિડીયો કલીપીંગની ઘટનામાં એક મિત્રએ બીજા મિત્ર સાથે પૈસાની લાલચમાં આવી જઈને તેની પ્રેમીકાની આ કલીપીંગના બદલામાં લાખો રૂપિયાની માંગણી કરી અને તે પુરી નહીં થતા છોકરીની અને તેના પરીવારની આબરૂની પરવા કર્યા સિવાય તેને હજારો લોકોના મોબાઈલોમાં ફરતી કરી દીધી હતી. જે બાબતની ભોગ બનનાર યુવતિએ નોંધાવેલી ફરિયાદના આધારે પ્રેમીઓ અને તેના બે મિત્રોની ધરપકડ કરી હતી. જેઓને આજે કોર્ટમાં રજુ કરતા કોર્ટે કેસની ગંભીરતાને ધ્યાને લઈ બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકામાં મિત્રોએ મિત્રની સાથે ફરી અને દોસ્તીની પીઠમાં ક્ંજર ભોંકી અને તેના મોબાઈલમાં રહેલી તેની પ્રેમીકાની વિડીયો કલીપીંગના બદલામાં દસ લાખની માગણી કરી હતી. અને તે માંગણી પ્રેમી ભૌમિક અતુલભાઈ ત્રિવેદી પુરી નહી કરી શકતા તેના મિત્ર પુલકિત ભરતભાઈ પટેલ અને પ્રકાશ ચૌધરીએ ભેગા મળી છોકરીના પરિવારજનો કે તેમની સામાજીક આબરૂની ચિંતા કર્યા સિવાય તેને હજારો લોકોમાં ફરતી કરી દીધી હતી. તેમ છતાં આ ઘટનાથી વિચલીત થયા વિના પીડીતાએ હિંમતભેર બહાર આવી આ બાબતે ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. અને આજે બાબતની વધુ તપાસ કરતા અને અન્ય કોઈ લોકો આમાં સંડોવાયેલા છે કે નહી તેની વધુ પુછપરછ કરવા માટે કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરતા કોર્ટે ૧૦ તારીખ બપોર બાર વાગ્યા સુધીના રીમાન્ડ મંજુર કર્યા હતા.

બંદોબસ્ત માટે મુકાયેલી પોલીસ માટે શિસ્તનાં કલાસ લેવાયા

વાઈબ્રન્ટ સમિટમાં આવનાર ફોરેન ઈન્વેસ્ટર્સ તથા વી.વી.આઈ.પી. સાથે સામાન્ય વાતચીત માટે અંગ્રેજીની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૭

વાઈબ્રન્ટ સમિટ અને એક્ઝીબીશન સેન્ટર પર બંદોબસ્ત માટે તૈનાત કરી દેવામાં આવેલા વિવિધ જિલ્લાની પોલીસને એટીટ્યુડ અને મેનર્સના પાઠ ભણાવી બોડી લેન્ગવેજ અને અંગ્રેજીમાં સામાન્ય વાતચીત કરી શકાય તે માટેની તાલીમ ગાંધીનગર જિલ્લા પોલીસવડા દ્વારા આપવામાં આવી છે. બંદોબસ્તની ડ્યુટી પર તૈનાત જવાને કેવી સ્થિતિમાં ઉભા રહેવું ત્યાંથી માંડીને કોઈ વી.વી.આઈ.પી. સાથે કેવી પદ્ધતિથી વાત કરવી ત્યાં સુધીની શિસ્તના કલાસ લેવામાં આવ્યા હતા.

વાઈબ્રન્ટ સમિટના મેગા કાર્યક્રમ માટે કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષા અને સલામતીના ભાગરૂપે વિવિધ જિલ્લાઓમાંથી પોલીસને બંદોબસ્ત માટે ગાંધીનગર બોલાવી લેવામાં આવી છે. ત્યારે પોલીસનું વર્તન અને વાણી બહારથી કાર્યક્રમમાં આવનાર મહાનુભાવો સામે ખુલ્લુ ન પડી જાય તે માટે શિસ્તના કલાસ લેવામાં આવ્યા છે. બંદોબસ્તમાં કેવી રીતે શિસ્તબદ્ધ ઉભું રહેવું, કોઈ વ્યક્તિ દ્વારા જો કાંઈક માહિતી અંગે પૃચ્છા કરવામાં આવે તો સ્વભાવગત બુમો પાડ્યા વગર કેવી રીતે વિનમ્રતાથી જવાબ આપવો, કોઈ વી.વી.આઈ.પી. સાથે કદાચ સામાન્ય વાતચીત કરવી પડે તો અંગ્રેજી ભાષામાં કેવી રીતે બોલવું તે માટેના ત્રણ કલાસ લેવામાં આવ્યા હતા અને પોલીસને મેનર્સ તથા ડીસીપ્લીન શીખવવામાં આવી હતી.

પલ્સ પોલિયો અભિયાનમાં જિલ્લાના બે લાખ બાળકો આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૭

આગામી ૨૦મી જાન્યુઆરી યોજાનાર પલ્સ પોલિયો અભિયાનમાં જિલ્લાના અને શહેરના બે લાખ બાળકોને આવરી લેવામાં આવશે.

પલ્સ પોલિયોના આ અભિયાનને લઈ શહેર અને જિલ્લામાં ૮૦૦ જેટલા બુથ ઉભા કરવામાં આવશે તેમજ ચાર હજારથી પણ વધુ કર્મચારીઓ આ કામગીરીમાં જોડાશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન માટે ૭૦ જેટલી મોબાઈલ ટીમો બનાવવામાં આવી છે જે પૈકી ૬૫ ટીમો ગ્રામ્ય વિસ્તારમાં રહેશે જ્યારે પાંચ ટીમે શહેરી વિસ્તારમાં રહેશે.

પલ્સ પોલિયોના આ અભિયાન માટે જરૂરી તમામ આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે તેમજ તાલીમ પણ કર્મચારીઓને આપી દેવામાં આવી છે. પલ્સ પોલિયોનું અભિયાન સફળ બને તે માટે જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓને પણ જોતરવામાં આવી છે.

ગત વર્ષે જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનના દિવસે ૮૭ ટકા બાળકોને આવરી લેવામાં તંત્ર સફળ રહ્યું હતું. આ વખતે આ કામગીરી ૯૫ ટકા સુધી લઈ જવા માટેનું આયોજન છે અને એટલે મોબાઈલ ટીમોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે.

ઉત્તરાયણ પછી તુરત જ લગ્નસરાની મોસમ આરંભાઈ રહી છે. આ ઝુંબેશમાં ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોને આવરી લેવામાં આવનાર છે. આ માટે તાલુકાવાર પ્રોગ્રામ ઓફિસરોને લાયઝન અધિકારી તરીકેની વિશેષ જવાબદારી પણ સુપ્રત કરવામાં આવી છે.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધામાં નાણા વિભાગની ટીમ ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૭

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈલ સ્પર્ધા તાજેતરમાં માર્ગમકાન વિભાગની ટીમ અને નાણા વિભાગની ટીમ ચ્ચામે યોજાઈ હતી. જેમાં નાણા વિભાગની ટીમે ૯ રને વિજય મેળવી આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં ચેમ્પીયનશીપ મેળવી હતી. મેન ઓફ ધી મેચ ધવલ અગ્રાવત અને મેન ઓફ ધી સીરીઝ કમલેશ સોલંકી થયા હતા.

માર્ગઅનેમકાન વિભાગની ટીમે ટોસ જીતી નાણા વિભાગનેપ્રથમ બેટીંગ આપતા ૩૫ ઓવરની મેચમાં ૩૫ ઓવરમાં ૭ વિકેટે ૨૧૩ રન કર્યાહતા. નાણા વિભાગ ની બેટીંગમાં ધવલ અગ્રાવતે ૬૬ રનમાં ૧૨ ચોગ્ગા, કમલેશ સોલંકીએ ૫૩ રનમાં ૬ ચોગ્ગા, શૈલેષ પ્રજાપતિએ ૨૮ રનમાં ૩ ચોગ્ગા અને સંદિપ ચાવડાએ ૨૫ રનમાં ૧ ચોગ્ગા અને ૧ સિક્સ મારી હતી. નાણા વિભાગની બોલીંગમાં ધવલ અગ્રાવતે ૨૪ રનમાં ૩ વિકેટ, કમલેશ સોલંકીએ ૧૯ રનમાં ૨ વિકેટ, હિતેન્દ્ર ચેઈલરે ૨૫ રનમાં ૨ વિકેટ અને શૈલેષ પ્રજાપતિએ ૪૧ રનમાં ૧ વિકેટ મેળવી હતી. જ્યારે માર્ગઅનેમકાન વિભાગની ટીમ ૩૫ ઓવરમાં ૮ વિકેટે ૨૦૩ રન કર્યા હતા. જેમાં બેટીંગમાં અનિલ ચૌધરીના ૬૩ રન અને મેઘરાજના ૫૩ રન મુખ્ય હતા. બોલીંગમાં વી.ડી. પટેલે ૩૫ રનમાં ૩ વિકેટ, હર્ષ પટેલ, મુકેશ સોલંકી ૧-૧ વિકેટ મેળવી હતી. સમગ્ર ફાઈનલ મેચમાં મેન ઓફ ધી મેચ ધવલ અગ્રાવત અને મેન ઓફ ધી સીરીઝ બેટીંગમાં ધવલ અગ્રાવત, મેન ઓફ ધી સીરીઝ બોલીંગમાં કમલેશ સોલંકી અને મેન ઓફ ધી સીરીઝ સંજય વંકાણી થયા હતા.

નાણા વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ તેમજ વિભાગના અગ્ર સચિવ તેમજ ઉચ્ચ અધિકારીઓ એ ટીમના ખેલાડીઓએ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ ચેમ્પીયિન ટ્રોફી એલ. ચુઆંગો અગ્ર સચિવના વરદ નાણા વિભાગની ટીમને એનાયત કરવામાં આવી હતી.

ઉત્તરાયણ નજીક આવતા ગાંધીનગરમાં ઠેર ઠેર ફૂતરાઓ માટે લાડુ બનાવવામાં આવી રહ્યા છે. આજરોજ સેક્ટર-૩ની મહિલાઓ તેમજ પેથાપુરની મહિલાઓ દ્વારા ફૂતરાઓ માટે લાડુ બનાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૧૫

તાપમાન

મહત્તમ : ૨૫.૦ ડિ.સે.

લઘુત્તમ : ૮.૪ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ટેબલ નં.૨૧ : ૧૦.૦૦,૧૨.૩૦,૨.૪૫,૫.૦૦,૭.૩૦,૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાજધાની એક્ષ્પ્રેસ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

સીઝેડ ૧૨ (હિન્દી) : ૧૧.૩૦, ૨.૦૦

સીઝેડ ૧૨ (અંગ્રેજી) ૭.૧૫

દેહરાદૂન ડેરી : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

દબંગ-૨ : ૨.૪૫

ટેબલ નં.૨૧ :૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સીઝેડ-૧૨ (હિન્દી) :૯.૩૦, ૧૨.૦૦, ૫.૦૦, ૧૦.૦૦

દેખા જો પહેલી બાર : ૨.૩૦

લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :

દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

રાજધાની એક્ષ્પ્રેસ : ૧૦.૩૦,૧.૦૦,૩.૩૦,૬.૦૦,૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૪ :

ટેબલ નં.૨૧ :૯,૧૧.૧૫,૧.૩૦, ૩.૪૫, ૬, ૮.૧૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

માયા હું છું તારા પ્રેમ દિવાનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

સીઝેડ-૧૨ (જાબાઝ ખેલાડી) : ૧૦.૩૦, ૧.૦૦, ૬.૪૫, ૯.૪૫

ટેબલ નં.૨૧ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :

ટેબલ નં.૨૧ : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

રાજધાની એક્ષ્પ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦

સિરાગ, કલોલ

હું દિવાનો તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણએ લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

વૃષભ : સંગીત ક્ષેત્રમાં રૂચિ વધશે. વેપાર સારો ચાલશે. દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકે છે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

કર્ક : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

સિંહ : પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ રહેશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. યાત્રાનો વિશેષ યોગ. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

મકર : મનોકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. અનુકૂળ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે.

મીન : આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે.

ચિરવિદાય

- સ્વ. ભાસ્કરરાય કમળાશંકર ત્રિપાઠી (ઉ.વ. ૭૩)ગુજરાત હાઉસીંગ બોર્ડ, એમ-૨/૧૮, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. વિક્રમભાઈ ભોગીલાલ પાઠક (ઉ.વ. ૭૫)મુ.પો. કોલવડા, તા., જિ. ગાંધીનગર.